# "કૃષિ કલ્યાણ અભિયાન" અંતર્ગત "મહત્વાકાંક્ષી જિલ્લો દાહોદ" માટેની કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ અને પશુપાલન વિભાગ, દાહોદની સંયુક્ત સમીક્ષા બેઠક યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ ખાતે તારીખ ૦૩/૦૮/૨૦૧૮ ના રોજ "કૃષિ કલ્યાણ અભિયાન" અંતર્ગત "મહત્વાકાંક્ષી જિલ્લો દાહોદ" માટેની પશુપાલન વિભાગ, દાહોદ સાથે સમીક્ષા બેઠક તથા INAPH ની એક દિવસીય તાલીમ યોજાઈ. આ કાર્યક્રમમાં સમગ્ર દેશમાં સર્વોચ્ચ સ્થાન જાળવી રાખવા માટે પશુપાલનના વિવિધ ઘટકોમાં અસરકારક કામગીરી કરવા અંગે માર્ગદર્શન આપવાની સાથે સાથે ગ્રામ્ય કક્ષાએ પડતી મુશ્કેલીઓ તથા સૂચનો જાણી તેનું નિરાકરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામક, વડોદરા વિભાગ, ડૉ. એચ. કે. પટેલ, નાયબ પશુપાલન નિયામક, દાહોદ, ડૉ. આર. એચ. નાયક, નાયબ પશુપાલન નિયામક, દાહોદ, ડૉ. એમ. એલ. પાંડોર, મદદનીશ પશુપાલન નિયામક, ડૉ. પી. ટી. ચાવડા તથા સમગ્ર જિલ્લાના પશુધન નિરીક્ષકોએ ઉત્સાહભેર ભાગ લઈ દાહોદ જિલ્લાને સર્વોચ્ચ સ્થાને રાખવા સંકલ્પ લીધો. આ સમગ્ર કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ તરફથી ડૉ. આર. રાધા રાની દ્વારા ભાગ લેવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમ ગોઠવવાની વ્યવસ્થા અને અન્ય સગવડો કૃષિ વિજ્ઞાન કેન્દ્રના અન્ય વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. યુ. એમ. પટેલ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે સમગ્ર ટીમ દ્વારા કૃષિ કલ્યાણ અભિયાન અંતર્ગત મહત્વકાંક્ષી જિલ્લાઓમાં સમગ્ર દેશમાં દાહોદ જિલ્લાને ટોચનું સ્થાન અપાવવા સંકલ્પ કરવામાં આવ્યો.






